॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# ઉત્તર ગુજરાતમાં ગાંધી વિચારના પ્રસારમાં માઢી આશ્રમની ભૂમિકા (૧૯૬૬-૨૦૧૬)

ડૉ. મહેશકુમાર વેલજીભાઈ ચૌધરી
આસિસ્ટંટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ,
ગુજરાત આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ
પીન : ૩૮૦૦૦૬, ગુજરાત, ભારત
ઈ-મેઈલ : nityamahesh1504@gmail.com

................................................................................................................................
.

**સારાંશ :**

મહાત્મા ગાંધીજીને દક્ષિણ આફ્રિકામાં જ્હોનિસબર્ગથી નાતાલની મુસાફરી દરમ્યાન ઈ.સ.૧૯૦૪માં એમના મિત્ર મિ.પોલાક એક પુસ્તક આપી કહે છે: “આ પુસ્તક રસ્તામાં વાંચી શકાય એવું છે, તે વાંચી જજો, તમને ગમશે.” એમ કહીને ગાંધીજીના હાથમાં મૂકેલું. ગાંધીજી લખે છે : “આ પુસ્તકના લીધા પછી હું છોડી જ ન શક્યો. તેણે મને પકડી જ લીધો.... આખી રાત ઊંઘ ન આવી. પુસ્તકમાં સૂચવેલા વિચારો અમલમાં મૂકવાનો ઈરાદો કર્યો.”[૧] પરંતુ એ માત્ર ઈરાદો જ ન રહ્યો, એ પુસ્તકે ગાંધીજીના જીવનમાં તત્કાળ મહત્વનો રચનાત્મક ફેરફાર કરાવ્યો. ગાંધીજીના શબ્દોમાં કહીએતો : “આ પુસ્તક વાંચીને એક જ રાતમાં વકીલ ’ને નગરવાસીઓમાંથી, ડરબનથી દૂર અને નજીકમાં નજીકના રેલ્વે સ્ટેશનથી ત્રણ માઈલ છેટે આવેલા એક ખેતર ઉપર વસતા ગામડિયામાં મારું રૂપાંતર થયું.”[૨] ગાંધીજીના હદય અને માનસ પર પ્રભાવ પાડનાર પુસ્તક હતું : ‘અન ટુ ધિસ લાસ્ટ’ (Unto this Last) અને તેના લેખક હતા - જહોન રસ્કિન. ૧૯૦૪માં વાંચેલ આ પુસ્તકનો ૧૯૦૮માં ગાંધીજીએ ‘સર્વોદય’ નામની પુસ્તિકામાં ભાવાનુવાદ આપ્યો હતો.

આમ, ગાંધીજીએ સર્વોદયરૂપી એક અનોખી ભેટ જગતને આપી. એનાથી દેશ સમગ્ર પ્રભાવિત હતું. લોકો નહોતા જાણતા કે આ વિચારધારાનું ભાવી શું છે, પણ ગાંધી પ્રત્યેનો પ્રેમભાવ લોકોને સર્વોદય પ્રત્યે આકર્ષતો હતો. ગાંધીની હયાતીમાં તો આ બધું બરાબર ચાલ્યું પણ

ગાંધીજીના અવસાન બાદ જનમાનસમાં હવે સર્વોદયનું શું ? એવી ચિંતા પેઠી. જો કે વિનોબા ભાવેના સક્રિય પ્રયત્નોથી આ ચિંતા, ચિંતનમાં પરિણમી. થયું એવું કે દેશ સમગ્ર પર સર્વોદયનો પ્રભાવ પડ્યો. એનાથી ઉત્તર ગુજરાતના વિજાપુર તાલુકાના માઢી ગામે વર્ષ ૧૯૬૬માં સ્થપાયેલ સર્વોદય આશ્રમ પણ પ્રભાવિત થયા વિના ન રહ્યો.

**ચાવીરૂપ શબ્દો** : રચનાત્મક પ્રવૃત્તિઓ, સર્વોદય, ગ્રામોદ્યોગ, ટ્રસ્ટશીપનો સિદ્ધાંત

## પૂર્વભૂમિકા :

સર્વોદય આશ્રમ, માઢીએ મૂડીવાદ અને સામ્યવાદના વિકલ્પરૂપ પૂજ્ય ગાંધીજીના ટ્રસ્ટશીપના સિદ્ધાંતને અમલમાં મુકવા માટે ખાદી અને ગ્રામોદ્યોગની તમામ પ્રવૃત્તિઓ, તેમાં રોકાયેલી સ્થાવર જંગમ મિલકતો સાથે તેમાં રોકાયેલા કારીગરો અને કર્મચારીઓને તેમની સંયુકત ભાગીદારીમાં ચલાવવા માટે તા. ૧-૪-૮૩ થી સોંપી દઈને ગુજરાત રાજ્ય માં સૌપ્રથમ ટ્રસ્ટશીપના અમલીકરણનું પગલું ભર્યું છે. તેના પ્રતિસાદ રૂપે સંસ્થાના કારીગરો અને કર્મચારીઓએ તમામ જવાબદારીઓ સંભાળી લઈ છેલ્લાં ૫૦ વર્ષોની પ્રવૃતિઓમાં કોઈ ઓટ આવવા દીધી નથી તેમજ ઉત્તરોત્તર પ્રવૃતિઓનો વિકાસ કરી પ્રશંસનીય કામગીરી કરી છે. માઢી આશ્રમના વર્ષ-૧૯૬૬-૬૭ થી લઈને વર્ષ-૨૦૧૬-૧૭ સુધીના વર્ષોમાંથી અમુક વર્ષોને બાદ કરતાં તમામ વર્ષોના અહેવાલો મળેલ છે. બાકીના અહેવાલો સંસ્થા પાસે નથી.[3] ઉપરોક્ત વર્ષોના અહેવાલોને આધારે સર્વોદય આશ્રમ, માઢીએ સ્થાપનાથી લઈને આજદિન સુધી કરેલી વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓ જોઈએ એ પૂર્વે ગાંધીજીએ આપેલ રચનાત્મક પ્રવૃત્તિઓ તરફ દ્રષ્ટિપાત કરીએ.

## ગાંધીજી અને રચનાત્મક પ્રવૃત્તિઓ :

પૂજ્ય બાપુ તરફથી દેશ સમગ્રને રચનાત્મક પ્રવૃત્તિઓની ભેટ મળેલ છે. ગાંધીજીએ પોતાના પુસ્તક ***“રચનાત્મક કાર્યક્રમ – તેનું રહસ્ય અને સ્થાન”*** માં કુલ ૧૮ જેટલી રચનાત્મક પ્રવૃત્તિઓ કે કાર્યક્રમો આપેલ છે. જેને આત્મસાત કરવાનો પ્રયાસ સર્વોદય આશ્રમ, માઢી આજ દિન સુધી કરતું રહ્યું છે. આ ૧૮ રચનાત્મક પ્રવૃત્તિઓની યાદી અને ત્યારબાદ માઢી આશ્રમે કરેલ રચનાત્મક પ્રવૃત્તિઓ ક્રમશઃ જોઈએ :

૧. કોમી એકતા,

૨. અસ્પૃશ્યતા નિવારણ,

૩. દારૂબંધી,

૪. ખાદી,

૫. બીજા ગ્રામઉદ્યોગો,

૬. ગ્રામસફાઈ,

૭. નવી તાલીમ અથવા પાયાની કેળવણી,

૮. પ્રૌઢ શિક્ષણ,

૯. સ્ત્રીઓ,

૧૦. તંદુરસ્તીના નિયમોની કેળવણી,

૧૧. પ્રાંતિક ભાષાઓ ,

૧૨. રાષ્ટ્રભાષા,

૧૩. આર્થિક સમાનતા,

૧૪. કિસાનો,

૧૫. મજૂરો,

૧૬. આદિવાસીઓ,

૧૭. રક્તપિત્તના રોગીઓ અને

૧૮. વિદ્યાર્થીઓ.

ઉપરોક્ત પ્રવૃત્તિઓમાંથી મહત્તમ પ્રવૃત્તિઓ કરવાનું શ્રેય સર્વોદય આશ્રમ, માઢીને જાય છે. વિગતે ચર્ચા આ મુજબ છે.

## સર્વોદય આશ્રમ,માઢીની રચનાત્મક પ્રવૃત્તિઓ :

ગાંધી વિચારધારાના રંગે રંગાયેલા માઢી આશ્રમના સ્થાપક સ્વ.રામુભાઈ પટેલ, સ્વ.કાન્તીભાઈ શાહ તેમજ સ્વ.વસંતભાઈ શાહ – આ ત્રણેય મહાનુભાવોએ યુવાવસ્થામાં જ કરેલી ગાંધીની સર્વોદય આધારિત પ્રવૃત્તિઓ થકી સર્વોદય આશ્રમ, માઢીનું નિર્માણ થયું. તેઓનું મન ગાંધીજીની હયાતીમાં જ આ પ્રવૃત્તિઓમાં પરોવાઈ ગયેલું. જેને કારણે ગાંધીજીના અવસાન બાદ છેક ૧૮ વર્ષ બાદ ગાંધીના એ અધૂરા યુગકાર્યને જીવંત રાખવા હેતુસર અનેકવિધ સમાજકલ્યાણની પ્રવૃત્તિઓ કરી અને આજે પણ કરતું રહે છે. હવે આપણે આશ્રમની વિશેષતાભરી પ્રવૃત્તિઓ વિશેની જાણકારી મેળવીએ.

**(૧) ખાદીકામ:**

અત્રે આપણે માઢી આશ્રમના પ્રાપ્ય વર્ષોના વાર્ષિક અહેવાલો મુજબ સંસ્થાના ખાદીકામના ઉદ્દેશ્યો, ઉત્પાદન, વિવિધ કેન્દ્રો તેમજ ચૂકવાયેલ રોજી વગેરે સંબંધિત માહિતી મેળવીએ. ખાદીકામ એ આ સંસ્થાનું પાયાનું કાર્ય છે, જે આજ દિન સુધી અવિરત ચાલી રહ્યું છે. ખાદી પ્રવૃત્તિનો મુખ્ય હેતુ લોકોને આર્થિક સહાયતા પહોચાડવાનો તેમજ સામાજિક ક્રાંતિનો છે. તેમાંથી અસ્પૃશ્યતા દૂર કરવાનો એક સભાન પ્રયત્ન આ સંસ્થા દ્વારા કરવામાં આવ્યો છે. તેને સારી એવી સફળતા પણ મળી છે. ખાદી કામ અંગે સંસ્થા દ્વારા નીચેના કેન્દ્રો ચાલે છે.

(૧) ખાદીભંડાર, કલોલ, (૨) ખાદી ભંડાર, વિજાપુર, (૩) ખાદી ભંડાર, માઢી, (૪) ખાદી ઉત્પત્તિ કેન્દ્ર,માઢી, (૫) અંબર સુત ઉત્પત્તિ કેન્દ્ર, વિજાપુર (૬) અંબર સુત ઉત્પત્તિ કેન્દ્ર, સરદારપુર, (૭)અંબર સુત ઉત્પત્તિ કેન્દ્ર, પેઢામલી, (૮) અંબર સુત ઉત્પત્તિ કેન્દ્ર, કુકરાણા, (૯) અંબર સુત ઉત્પત્તિ કેન્દ્ર, મુજપુર, (૧૦) વણાટ કેન્દ્ર, બળાદ, (૧૧) વણાટ કેન્દ્ર, પીંપળદર, (૧૨) વણાટ કેન્દ્ર, વિજાપુર.

વર્ષ ૧૯૬૯-૧૯૭૦ માં ઉત્પાદન (રૂ.માં) ૧,૧૮,૯૨૭-૦૯ ની સામે જથ્થાબંધ ખાદી વેચાણ રૂ. ૨૦૬૧૧૩-૯૭ હતું, જેમાંથી ૧૧૩ જણને રૂ.- ૭૬૮૮૦-૭૧ ની રોજી ચૂકવાઈ હતી. જયારે વર્ષ ૨૦૧૬-૨૦૧૭ માં ઉત્પાદન (રૂ.માં) ૬૩,૫૧,૦૨૧ની સામે જથ્થાબંધ ખાદી વેચાણ રૂ. ૧,૦૬,૯૨,૮૯૨ હતું જેમાંથી ૧૨૩ જણને રૂ.-૬૮,૬૨,૧૭૪ ની રોજી ચૂકવાઈ હતી.[૪] આમ, માત્ર પ્રાપ્ય આહેવાલો પરથી જ ખ્યાલ આવે છે કે ખાદીકામ બાબતે આ સંસ્થાએ કેટલું મહત્વનું યોગદાન આપ્યું હતું. હજુ જો વધું પ્રમાણમાં અહેવાલો પ્રાપ્ય બન્યા હોત તો માઢી આશ્રમની ખાદીકામ અંગેની અનેક ખૂટતી કડીઓ જોડી શકાઈ હોત.

**(૨) અખાદ્ય તેલ સાબુ :**

અહી બનેલો સાબુ આશ્રમના આજુબાજુના વિસ્તારમાં વેચાય છે. શરૂઆતમાં વિજાપુર તાલુકા બહાર સાબુનું વેચાણ કરવામાં આવતું નહોતું. સાબુ દિવસે દિવસે લોકપ્રિય થતો જતો હતો. આ પ્રવૃત્તિ પાછળનો મુખ્ય આશય તો અખાદ્ય તેલીબિયા જેવા કે લીંબોળી કે જે આ તાલુકામાંથી એકઠી થઈ શકે તેમ છે તે એકઠી કરી તેનું તેલ કઢાવી સાબુ બનાવવો, બેરોજગારોને રોજી આપવી તથા ધૂળમાં મળી જતી રાષ્ટ્રીય સંપત્તિનો સદ્ઉપયોગ કરવો તે છે. સર્વોદય આશ્રમ,માઢીમાંથી પ્રાપ્ય વર્ષોના અહેવાલો મુજબ અખાદ્ય તેલ સાબુ વેચાણ, ઉત્પાદન તેમજ ચૂકવાયેલ રોજી નીચે મુજબ છે.

વર્ષ ૧૯૬૯-૧૯૭૦ માં ઉત્પાદન (રૂ.માં) ૩૩૩૫૮-૮૬ ની સામે જથ્થાબંધ સાબુ વેચાણ રૂ. ૩૪૩૦૦-૧૮ હતું, જેમાંથી ૨ જણને રૂ.- ૨૪૩૧-૧૧ ની રોજી ચૂકવાઈ હતી. જયારે વર્ષ ૧૯૮૪-૮૫ માં ઉત્પાદન (રૂ.માં) ૨૧,૬૦,૮૭૪ ની સામે જથ્થાબંધ સાબુ વેચાણ રૂ. ૧૭,૬૭,૨૫૭ હતું, જેમાંથી ૨૦ જણને રૂ.-૧,૦૪,૬૩૮ ની રોજી ચૂકવાઈ હતી.[૫] આજના આધુનિક યુગના કેમિકલયુક્ત સાબુના ઉપયોગ કરતાં આ સાબુ અનેકવિધ રીતે સ્વાસ્થ્ય માટે લાભકારક છે. આજે પણ આ સંસ્થામાં નજીવા દરે આ સાબુ વેચાય છે.

**(૩) ગ્રામ દીવાસળી ઉદ્યોગ :**

દીવાસળીનું ઉત્પાદન જાન્યુઆરી, ૧૯૭૦થી શરૂ કર્યું હતું. સર્વોદય આશ્રમ,માઢીમાંથી પ્રાપ્ય વર્ષોના અહેવાલો મુજબ દીવાસળીનું વેચાણ, ઉત્પાદન તેમજ ચૂકવાયેલ રોજી નીચે મુજબ છે.[૬]

વર્ષ ૧૯૬૯-૧૯૭૦ માં ઉત્પાદન (રૂ.માં) ૧૬૮૩-૦૦ ની સામે જથ્થાબંધ દીવાસળી વેચાણ રૂ. ૧૦૮૦-૦૦ હતું, જેમાંથી ૫ જણને રૂ.- ૧૭૨-૧૫ ની રોજી ચૂકવાઈ હતી. જયારે વર્ષ ૧૯૮૦-૮૧ માં ઉત્પાદન (રૂ.માં) ૧૯૦૬૮૦ ની સામે જથ્થાબંધ વેચાણ રૂ. ૫૦૧૨૮ હતું, જેમાંથી ૪૦ જણને રૂ.-૮૫૨૧૦ ની રોજી ચૂકવાઈ હતી.[૭] દીવાસળી એ દરેક વ્યક્તિની રોજીંદા ઉપયોગની વસ્તુ સમાન બની ગઈ છે. વધુમાં તેનો વધુ ખર્ચ પણ રહેતો નથી. આમ, આ કાર્ય દરેક માટે આશીર્વાદરૂપ બન્યો હતો તેમ કહી શકાય.

**(૪) ચર્મોદ્યોગ :**

આ પ્રવૃત્તિમાં ચામડું કમાવવાથી માંડીને ચંપલ, બુટ વગેરે તૈયાર કરવાનું કામ ચાલતું. સપ્ટેમ્બર, ૧૯૬૯થી કામ શરૂ કરવામાં આવ્યું હતું. આ વર્ષે ચમારોના યુવકને ટ્રેનીંગની તાલીમ લઈને તેમના ધંધાનો વિકાસ કરે એ હેતુથી જિલ્લા પંચાયતની ચર્મોદ્યોગ તાલીમ શાળાને આપણા કેન્દ્રમાં ટ્રાન્સફર કરીને દસ વિદ્યાર્થીઓને દાખલ કરાવ્યા હતા. તેમની તાલીમ પૂરી થયે તેમને કામ આપવાનું કે તેમના ધંધા માટે જરૂરી સગવડ કરી આપવાનું સંસ્થાએ વિચાર્યું હતું.[૮] આમ, તો ચામડું જોઇને આપણે તેને વેડફી દઈએ તો આપણે આપણી જ સંપત્તિને ઘણું બધું નુકસાન કરી દઈએ તેમ બનતું હોય છે. આમ, અહી આ સંસ્થા તેનો સદ્ઉપયોગ કરતું આવ્યું છે. વધુમાં યોગ્ય તાલીમ સાથે આ ઉદ્યોગ વૈજ્ઞાનિક ઢબે વિકસાવવાનું કાર્ય માઢી આશ્રમ માટે એક આગવી ઓળખ બની ગયું હતું.

### (૫) કુંભારી ઉદ્યોગ :

આ ઉદ્યોગના વિકાસની શક્યતા આ તાલુકામાં ઘણી હતી, કારણકે પોટરી ઉદ્યોગને જરૂરી કાચોમાલ આ તાલુકામાં ઘણો હતો. તેમાં વ્હાઈટ કલે, રેડ કલે, બેન્ટોનાઈટ વગેરે તો આખા હિન્દુસ્તાનમાં અહીંથી જાય છે. આથી આ ઉદ્યોગોનું કામ મોટા પાયા પર ગોઠવવાની તૈયારીઓ ચાલી રહી છે. તેમાંથી એક મેંગલોરી નળિયા બનવવાનું કારખાનું અને ધીમે ધીમે વ્હાઈટ વેર પોટરીનું કામ શરૂ કરવાની સંસ્થાની ગણતરી હતી તેવું માઢી આશ્રમના અહેવાલો દ્વારા જાણવા મળ્યું છે.

લોકો શાકભાજીની ખેતી કરતા થાય તેમજ શાકભાજી વાપરતા થાય તે હેતુથી સંસ્થા તરફથી આજુબાજુના લોકોને શાકભાજીના બી વિનામૂલ્યે આપવામાં આવ્યા હતા. સંસ્થામાંથી ગજરાજ ઘાસનાં મૂળિયાં પણ વિનામૂલ્યે ખેડૂતોને આપવામાં આવ્યા હતા. મળતા અહેવાલો મુજબ મેંગલોરી નળિયાનું ઉત્પાદન,વેચાણ તથા રોજી ચૂકવવાનું કાર્ય થયું હતું.[૯] વિનામૂલ્યે બી આપવાથી લોકો ખેતીકામની નિરસતામાંથી મુક્ત બની સ્વાવલંબી જીવન જીવતા થયા હતા. આજના ૨૧મી સદીના 'આત્મનિર્ભર ભારત'ના વાસ્તવિક સ્વપ્નને જાણે માઢી આશ્રમે ૨૦મી સદીમાં જ સાકાર કરી લીધું હતું તેમ કહી શકાય.

### (૬) લુહારી- સુથારી કામ :

સંસ્થા દ્વારા સુથારી-લુહારી કામ પણ શરૂ કરવામાં આવ્યું હતું. આ કાર્ય માટે વર્ષ-૧૯૭૦-૭૧થી મીડીયમ વર્કશોપ શરૂ કરવામાં આવ્યો હતો. તેનો ઉદ્દેશ્ય લોકોને લુહારી-સુથારીની ચીજો

વાજબી દરે મળી રહે તેમજ ખેડૂતોને વાજબી દરે સર્વિસ મળે તે આશયથી લુહારી-સુથારી કેન્દ્ર શરૂ કરાયું હતું. સંલગ્ન વર્ષના મળતા અહેવાલો તેનું ઉત્પાદન,વેચાણ તથા રોજીની વિગતો આપે છે.[૧૦] માત્ર રોજીરોટી જ નહી, પરંતુ કામ પ્રત્યે ઉત્સાહ વધારવાની ભાવના સાથે લુહારી-સુથારી કામને આ સંસ્થા દ્વારા પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.

## (૭) ખેતી વિકાસ પ્રવૃત્તિઓ :

સંસ્થા જે પ્રદેશમાં આવેલી છે તે પ્રદેશને સરકારે પાણી વગરનો "લાલ લીટીવાળો" જાહેર કર્યો હતો. આથી હજારો એકર જમીન સિંચાઈના અભાવે શિયાળુ પાક માટે બિન ઉત્પાદક પડી રહેતી. આ જમીનને સિચાઈ નીચે લાવવા માટે સંસ્થાએ વર્ષ ૧૯૬૬માં એક ટ્યુબવેલ કરી હતી. જેને લીધે બીજા ચાર ટ્યુબવેલ ખેડૂતોની સહિયારી શક્તિથી કરવામાં આવ્યા તેમજ પાણી પુરવઠા યોજના, પેઢામલીનું સંસ્થાએ આયોજન કરી બારસો એકર જમીન સિંચાઈ નીચે આવરી લીધી.[૧૧] આ સંસ્થાની સ્થાપના થઇ ત્યારથી પાણીની સમસ્યા તો હતી જ. આ જ રીતે સર્વોદય આશ્રમ, વાલમ વગેરે સ્થળોએ પણ અનેક ફૂટ ઊંડે ગયા પછી જ પાણી મળ્યું હતું. ટૂંકમાં આવી વિકટભરી સ્થિતિમાં પણ આશ્રમે પોતાના ઉદ્દેશ્યને વળગી રહી અનેક લોકોના જીવનધોરણ ઉપર લાવવમાં મદદ કરી હતી તેમ કહી શકાય.

## (૮) ગોસંવર્ધન :

આપણા દેશની બળદ માટેની તેમજ દૂધ માટેની જરૂરિયાત પૂરી કરવા માટે ગોસંવર્ધનનું કામ શરૂ કર્યું હતું. લોકો ગાય ઉછેરતા થાય અને શંકર ગાયો મેળવવા પ્રયત્નશીલ બને તે માટે શંકર ગાય અંગેનો પ્રચાર કરવામાં આવતો તેમજ શંકર રેલ્લી માટેનું કૃત્રિમ વીર્યદાન અપાવવા માટે ફી અને અન્ય ખર્ચ ખેડૂતો અને રબારીઓ વતી સંસ્થા ભરતી. સંસ્થા ગૌશાળા પણ ચલાવતી. આ સંસ્થા પાસે બે શંકર ગાય અને ત્રણ શંકર રેલ્લીઓ પણ હતી. આમ સંસ્થા અનેકવિધ પ્રવૃત્તિઓ કરતી હતી.આ સિવાય સર્વોદય સાહિત્ય પ્રચાર એ સંસ્થાની મુખ્ય પ્રવૃત્તિ બની ગઈ. તે માટે સર્વોદય સાહિત્ય ખરીદનારને સંસ્થા તરફથી પચાસ ટકા મદદ આપવામાં આવતી તેમજ દરેક કામ ગ્રામાભિમુખ બને તે માટેના પ્રયત્ન કરવામાં આવતો, કારણકે "ગામડાં ટકશે તો ખાદી ગ્રામોદ્યોગ વડે જ" એ બાપુનો મંત્ર આજે બહુ જ અસરકારક રીતે માઢી આશ્રમ સાથે જોડયેલો હતો અને છે.[૧૨] ખેતી અને પશુપાલન તો એક સિક્કાની બે બાજુ જેવા છે. વધુમાં

આ સંસ્થા દ્વારા લોકો પશુપાલન કરી પોતાનું ગુજરાન કરી શકે તે માટે ગાયો અને ભેંસો પણ લોકોને વિના મૂલ્યે આપતા હતા.

## (૯) ડેરી ઉદ્યોગ / ડેરી યોજના :

વર્ષ-૧૯૭૬-૭૭માં ગરીબ તેમજ વિધવા બહેનોને રોજી આપવા માટે ડેરી યોજના નીચે પ્રમાણે પ્રત્યેક જણને રૂ.૨૦૦૦ ની મર્યાદામાં ગાય ભેંસ ખરીદીને આપવામાં આવી હતી. પ્રાપ્ય અહેવાલ મુજબ ૧૧ બહેનોને રૂ.૧૮૧૨૧ની લોન આપી ગાય ભેંસ લાવી આપી હતી. આ સિવાયના કોઈ અહેવાલોમાં ડેરી ઉદ્યોગની માહિતી મળતી નથી.[૧૩] મહિલા સશક્તિકરણની દિશામાં સર્વોદય આશ્રમ, માઢીનું આ ઉમદા કાર્ય ગણવું રહ્યું.

## (૧૦) ચૂના ઉદ્યોગ :

સર્વોદય આશ્રમ, માઢીના વર્ષ ૧૯૮૩-૮૪ ના અહેવાલ મુજબ , "આજે દેશ સિમેન્ટની ભારે તંગી અનુભવી રહ્યો છે. જયારે સિમેન્ટથી પણ મજબુત બાંધકામ થઈ શકે તેવો ચૂનો જેમાંથી બનાવી શકાય તેવા ચૂનાના પથ્થરોના અખૂટ ભંડારો ઠેર ઠેર પડેલા છે. પહેલાના સમયમાં બાંધેલી ઈમારતો આજે પણ સેંકડો વર્ષ પછી સલામત અને મજબૂતીમાં સિમેન્ટ કામથી પણ ચડે તેવી હયાત છે. આથી ચૂનો બનાવી બાંધકામમાં લોકોને મદદરૂપ થવાના આશયથી તેમજ તે દ્વારા જરૂરિયાત વાળાને રોજી આપવા માટે ચૂના ઉદ્યોગ શરૂ કરવામાં આવ્યો છે. જેની મારફતે નીચે પ્રમાણે ઉત્પાદન-વેચાણ અને રોજગારી આપવાનું કામ થયું હતું.[૧૪]

ચૂનો ઉત્પાદન રૂપિયા – ૫૭૫૦૦

ચૂનો વેચાણ રૂપિયો – ૩૯૮૬૨

રોજગારી ચૂકવી ૬ જણને – રૂ.૧૨૨૫

## (૧૧) આદિવાસીઓમાં ખાદીકામ :

સાબરકાંઠા જીલ્લાના મેઘરજ તાલુકાના (હાલમાં અરવલ્લી જીલ્લો) આદિવાસી વિસ્તારનાં જંગલોનો સંપૂર્ણ નાશ થવાથી તમામ આદિવાસીઓ ખેતી આધારિત જીવન ગુજારતા હતા. આ ગામોમાં સિંચાઈની સગવડ તે સમયે ખુબ જ ઓછી હોઈ ચોમાસુ ખેતીકામ પૂરું થયા પછી તેમને કામ મળતું નહોતું. આમ, આદિવાસીઓને કામ આપવા માટે અંબર કેન્દ્રો શરૂ કરીને માઢી

આશ્રમના પ્રાપ્ય વર્ષોના મળતા અહેવાલો મુજબ આવા જરૂરિયાતમંદ આદિવાસીઓને પણ રોજી ચૂકવાઈ હતી.[૧૫] આદિવાસીઓના જીવનધોરણમાં ખાદીકામ નિઃશંક વધારો થયો હશે તેમ કહી શકાય. મહેસાણા જિલ્લાના વિસ્તારથી દૂર જઈ તત્કાલીન સાબરકાંઠા જિલ્લા સુધી આદિવાસીઓની સેવા કરવાનો વિચાર માત્ર પણ આપણને અનેકવિધ પ્રેરણા આપે છે, ત્યારે આવા આદિવાસી લોકોની સુખાકારીનો વિચાર એ માઢી આશ્રમનો શ્રેષ્ઠ વિચાર ગણવો રહ્યો.

## ઉપસંહાર :

પ્રસ્તુત સંશોધન કરતા ધ્યાનમાં આવેલી કેટલીક મહત્વની બાબતો જેવી કે – આશ્રમ દ્વારા ધૂળમાં મળી જતી અને વેડફાતી રાષ્ટ્રીય સંપત્તિ - લીંબોળીનો સદુપયોગ અખાદ્ય તેલ સાબુ બનવવા થતો, ચર્મોદ્યોગ માટે વિશેષ તાલીમની વ્યવસ્થા કરવામાં આવતી, મરેલાં ઢોરનાં ચામડાંનો સદુપયોગ કરી તેમાંથી ચપ્પલ વગેરે વસ્તુઓ બનાવતી, શાકભાજીની ખેતીના પ્રોત્સાહન માટે લોકોને શાકભાજીના બી વિનામૂલ્યે આપવામાં આવતા, સુધારેલા બી તેમજ ખેતીની સુધારેલી પદ્ધતિઓનો ઉપયોગ કરવા ખેડૂતોને સમજાવવામાં આવતા, ગરીબ તેમજ વિધવા બહેનોને રોજી આપવા ડેરી ઉદ્યોગની શરૂઆત તેમજ તેમને ગાય-ભેંસ લાવવા લોનની વ્યવસ્થા વગેરે ઉપરોક્ત બાબતો સર્વોદય આશ્રમ માઢીની આગવી વિશેષતાઓ રહી છે.

## પાદનોંધ :

૧. કાન્તિશાહ, ૨૦૧૧, *સર્વોદયનાં ૧૦૦ વરસ, એક દ્રષ્ટિપાત,* યજ્ઞ પ્રકાશન, વડોદરા, પ્રથમ આવૃત્તિ, પૃ.૨૧

૨. મો.ક.ગાંધી, ૨૦૧૪, *સત્યના પ્રયોગો અથવા આત્મકથા,* નવજીવન પ્રકાશન, અમદાવાદ, પૃ.૨૯૧

૩. સર્વોદય આશ્રમ, માઢીના મંત્રી શ્રી વિઠ્ઠલભાઈ બી.પટેલની રૂબરૂ મુલાકાત (તા.૧૬/૦૪/૨૦૧૮)

૪. સર્વોદય આશ્રમ, માઢીના વાર્ષિક અહેવાલો, ફાઈલ ક્રમાંક – માઢી/અહેવાલ/ ૧૯૬૯-૭૦ થી ૨૦૧૬-૧૭,પૃ.૧ થી ૧૧૭

૫. સર્વોદય આશ્રમ, માઢીના વાર્ષિક અહેવાલો, ફાઈલ ક્રમાંક – માઢી/અહેવાલ/ ૧૯૬૯-૭૦ થી ૨૦૧૬-૧૭,પૃ.૧ થી ૬૭

૬. સર્વોદય આશ્રમ, માઢીના વાર્ષિક અહેવાલો, ફાઈલ ક્રમાંક – માઢી/અહેવાલ/

૧૯૬૯-૭૦ થી ૨૦૧૬-૧૭,પૃ.૧ થી ૫૫

૭. સર્વોદય આશ્રમ, માઢીના વાર્ષિક અહેવાલો, ફાઈલ ક્રમાંક – માઢી/અહેવાલ/ ૧૯૬૯-૭૦ થી ૨૦૧૬-૧૭,પૃ.૧ થી ૫૧

૮. સર્વોદય આશ્રમ, માઢીના વાર્ષિક અહેવાલો, ફાઈલ ક્રમાંક – માઢી/અહેવાલ/ ૧૯૬૯-૭૦ થી ૨૦૧૬-૧૭,પૃ.૧ થી ૬૭

૯. સર્વોદય આશ્રમ, માઢીના વાર્ષિક અહેવાલો, ફાઈલ ક્રમાંક – માઢી/અહેવાલ/ ૧૯૬૯-૭૦ થી ૨૦૧૬-૧૭,પૃ. ૧ થી ૧૧૫

૧૦. સર્વોદય આશ્રમ, માઢીના વાર્ષિક અહેવાલો, ફાઈલ ક્રમાંક – માઢી/અહેવાલ/ ૧૯૬૯-૭૦ થી ૨૦૧૬-૧૭,પૃ.૩૩ થી ૪૧

૧૧. સર્વોદય આશ્રમ, માઢીના વાર્ષિક અહેવાલો, ફાઈલ ક્રમાંક – માઢી/અહેવાલ/ ૧૯૬૯-૭૦ થી ૨૦૧૬-૧૭,પૃ.૬૦ થી ૬૩

૧૨. સર્વોદય આશ્રમ, માઢીના વાર્ષિક અહેવાલો, ફાઈલ ક્રમાંક – માઢી/અહેવાલ/ ૧૯૬૯-૭૦ થી ૨૦૧૬-૧૭,પૃ.૬૪ થી ૬૭

૧૩. સર્વોદય આશ્રમ, માઢીના વાર્ષિક અહેવાલો, ફાઈલ ક્રમાંક – માઢી/અહેવાલ/ ૧૯૬૯-૭૦ થી ૨૦૧૬-૧૭,પૃ.૧૭ થી ૨૦

૧૪. સર્વોદય આશ્રમ, માઢીના વાર્ષિક અહેવાલો, ફાઈલ ક્રમાંક – માઢી/અહેવાલ/ ૧૯૬૯-૭૦ થી ૨૦૧૬-૧૭,પૃ.૬૮ થી ૭૫

૧૫. સર્વોદય આશ્રમ, માઢીના વાર્ષિક અહેવાલો, ફાઈલ ક્રમાંક –માઢી/અહેવાલ/ ૧૯૬૯-૭૦ થી ૨૦૧૬-૧૭,પૃ.૬૮ થી ૧૦૭